

સરકારી સમક્ષ પોતાની માંગણીઓને લઈને છેલ્લા એક વર્ષથી નવી દિલ્હી નજીક શંભુ બોર્ડર પર આંદોલન કરી રહેલા ખેડૂતોની કિસાન નેતા સુખજીત સિંહના નેતૃત્વમાં આંદોલનને એક વર્ષ થવા નિમિતે મહાપંચાયત યોજીને લડતને વેગ આપવાની રણનીતિ ઘડવામાં આવી હતી.

# ફ્રાન્સે ભારતીય બનાવટના પિનાક રોકેટ લોન્ચર ખરીદવામાં રસ દાખવ્યો

પેરિસ, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોંએ બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ સંબંધો વધારવા હાકલ કરી હતી બેઠક દરમિયાન બંને નેતાઓએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર અને વિવિધ વૈશ્વિક મંચો પર એકબીજાની મદદ અને પરસ્પર ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મોદીએ કહ્યું કે ભારત દ્વારા ફ્રાન્સ પાસેથી પિનાક રોકેટ લોન્ચરની ખરીદી બંને દેશો વચ્ચે સંરક્ષણ સંબંધોને મજબૂત બનાવશે.પીએમ મોદી અને મેક્રોં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને સુરક્ષા પરિષદના મુદ્દાઓ સહિત વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર નજીકથી સંકલન કરવા સંમત થયા હતા. મેક્રોંએ યુએનએસસીમાં ભારતની કાયમી સભ્યપદ માટે ફ્રાન્સના મજબૂત સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો. ત્યારબાદ

**બંને દેશો વચ્ચે વેપાર, સંરક્ષણ સહિતના ક્ષેત્રે ભાગીદારી વધારવા સહમતિ**

મોદી રઅને મેક્રોં સંરક્ષણ, નાગરિક પરમાણુ ઊર્જા અને અવકાશના રાજકીય ક્ષેત્રોમાં સહયોગની પણ સમીક્ષા કરી હતી. આ ઉપરાંત, ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રોમાં સહયોગને મજબૂત કરવાના માર્ગો પર પણ ચર્ચા કરવામાં આવી હતી.પ્રધાનમંત્રી મોદી ફ્રાન્સની મુલાકાત પૂર્ણ કરીને અમેરિકા જવા રવાના થયા હતા જ્યાં તેઓ ભારતીય સમયાનુસાર મોડી રાત્રે વોશિંગ્ટન પહોંચશે. ઈમેન્યુઅલ મેક્રોં સ્વયં પીએમ મોદીને વિદાય આપવા એરપોર્ટ પર પહોંચ્યા હતા. તેમણે પીએમ મોદીને ગળે લગાવીને વિદાય આપી હતી. ફ્રાંસ મુલાકાત બાદ મોદીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, 'આભાર ફ્રાન્સ! મારી મુલાકાત ફ્ફદાયી રહી, જ્યાં મેં છેં, વાણિજ્ય, ઊર્જા અને સાંસ્કૃતિક સંબંધો સહિત વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને ફ્રાન્સના લોકોનો આભાર.' પીએમ મોદીની આજથી અમેરિકાની મુલાકાતે છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળની શરૂઆત પછી પીએમ મોદીની આ પહેલી અમેરિકા મુલાકાત છે. જે ભારત-અમેરિકા દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં હશે. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે પીએમ મોદી ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

## બે દિવસ પુર્વે અંકુશરેખાએ વિસ્ફોટક બે જવાન શહીદ થયા બાદ નવો બનાવ

# કાશ્મીર સરહદે પાકનો ગોળીબાર: ભારતનો આકરો પ્રહાર

શ્રીનગર તા.૧૩

પાકિસ્તાની સરહદે વાસ્તવિક અંકુશ રેખા નજીક વિસ્ફોટમાં બે ભારતીય જવાનો શહીદ થયાના ઘટનાના તીવ્ર પ્રત્યાઘાતો વચ્ચે પાકિસ્તાની જવાનોએ ભારતીય સૈન્ય ચોકીઓ પર ગોળીબાર કરતા સનસનાટી મચી છે. બન્ને દેશો વચ્ચે ફરી તનાવ સર્જાવાની ભીતિ છે. ભારતીય સૈનિકોએ પણ વળતો જવાબ આપીને એક પાક જવાનને ઠાર કરી દીધો હતો.

જમ્મુ-કાશ્મીરના પૂંછના બાલાકોટ સેકટરમાં કરકુંડી અંકુશરેખા પર પાકિસ્તાની સૈન્ય દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ૧૨થી૧૫ મીનીટ સુધી પાકિસ્તાની સૈનિકોએ ભારતીય ચોકીઓ પર ગોળી વરસાવી હતી. આ તકે એલર્ટ ભારતીય

**ભારતીય જવાનોએ એક પાક સૈનિકને ઠાર માર્યો; અનેક ચોકીઓનો ખુરદો બોલાવી દીધો**

જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો અને તેમાં એક પાકિસ્તાની સૈનિક ઠાર થયાના અહેવાલ છે. પાક સૈન્ય દ્વારા ગોળીબાર ઉપરાંત સ્નાઈપર હુમલો પણ કરવામાં આવ્યો હતો. ભારતના વળતા પ્રહારમાં પાકિસ્તાનની અનેક ચોકીઓનો ખુરદો બોલી ગયો હતો. આ દરમ્યાન સૂરંગ ફાટતા એક જવાન ઘાયલ પણ થયો હતો.ભારત-પાકિસ્તાન વચ્ચે કાશ્મીર સરહદે લાંબાવખતથી શાંતિ પ્રવર્તતી હતી તે દરમ્યાન આ ઘટનાથી ફરી તણાવની સ્થિતિ સર્જાવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે. બે દિવસ પુર્વે કાશ્મીરમાં જ વાસ્તવિક અંકુશરેખાએ વિસ્ફોટ થયો હતો અને તેમાં બે ભારતીય જવાન શહીદ થયા હતા. એકને ઈજા થઈ હતી. આ ઘટના બાદ ગોળીબારના બનાવથી સરકાર પણ ચોંકી છે.

# દિલ્હીની નવી સરકારમાં દેખાશે મિનિ ઈન્ડિયાની ઝલક

નવીદિલ્હી,૧૩

દિલ્હી ચૂંટણીમાં શાનદાર જીત હાંસલ કર્યા બાદ ભાજપ મુખ્યમંત્રી પસંદ કરવાના પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન પાર્ટી અન્ય રાજ્યોની જેમ દિલ્હીમાં પણ બે નાયબ મુખ્યમંત્રી બનાવવાનો ફોર્મ્યુલા અપનાવશે તેવી અટકળો પણ તેજ થઈ છે. રાજધાનીને 'મિની ભારત'ના રૂપે દર્શાવવા માટે નવી કેબિનેટમાં બે નાયબ મુખ્યમંત્રી સામેલ કરવાના વિકલ્પ પર ચર્ચા કરવામાં આવી રહી છે.

ભાજપના અમુક નેતાઓનું કહેવું છે કે, દિલ્હી સરકારમાં બે નાયબ મુખ્યમંત્રીના કારણે પાર્ટીને વિવિધ જાતિ, સમુદાય અને પ્રાદેશિક પૃષ્ઠભૂમિના ધારાસભ્યોને સમાવવામાં મદદ મળશે. બે નાયબ મુખ્યમંત્રી બનવાની સંભાવના વધારે છે. કારણકે, આવું અન્ય અનેક રાજ્યોમાં પણ કરવામાં આવ્યું છે, જ્યાં વિભિન્ન પૃષ્ઠભૂમિના નેતાઓનો સમાવેશ કરવા માટે બે નાયબ મુખ્યમંત્રી બનાવાયા છે. ભાજપ શાસિત મધ્ય પ્રદેશ, ઉત્તર

**બે ડેપ્યુટી CM બનાવવાની તૈયારીમાં ભાજપ**

પ્રદેશ અને રાજસ્થાનમાં પણ આ જ નીતિ અપનાવવામાં આવી છે.

દિલ્હીના ભાજપ નેતાઓનું કહેવું છે કે, આ પ્રસ્તાવ પર રાષ્ટ્રીય નેતૃત્વ વિચાર કરી રહ્યું છે, જે તેના પર અંતિમ નિર્ણય લેશે. આ સિવાય મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓના નામ પર પણ અંતિમ નિર્ણય લેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિદેશ પ્રવાસ બાદ દિલ્હીમાં સરકાર રચવાની પ્રક્રિયામાં તેજી આવવાની સંભાવના છે. ગૃહના નેતા પસંદ કરવા માટે ભાજપ ધારાસભ્ય દળની બેઠક રવિવારે યોજે તેવી સંભાવના છે. મુખ્યમંત્રી પદના દાવેદારોમાં અનેક ભાજપ ધારાસભ્યના નામની ચર્ચા છે. તેમાં પરવેશ વર્માનું નામ સામેલ છે, જે નવી દિલ્હી બેઠકથી આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને હરાવી ધારાસભ્ય બન્યા છે. આ સિવાય દિલ્હી ભાજપના પૂર્વ પ્રમુખ વિજેન્દ્ર ગુપ્તા, સતીશ ઉપાધ્યાય અને મનજિંદર સિંહ સિરસા, પવન શર્મા, આશીષ સૂદ, રેખા ગુપ્તા તેમજ શિખા રાય જેવા વરિષ્ઠ નેતા પણ મુખ્યમંત્રી પદની હોડમાં સામેલ છે. પાર્ટી નેતાઓએ કરનેલ સિંહ અને રાજકુમાર ભાટિયા જેવા અમુક નવનિર્મિત ધારાસભ્યોનું નામ પણ લીધા છે, જે મુખ્યમંત્રી પદ માટે સંભવિત દાવેદાર જણાવવામાં આવી રહ્યા છે.

## મ્યુનિક પોલીસે કરી ડ્રાઈવરની ધરપકડ

# જર્મનીમાં કાર ડ્રાઈવરે બાળકો સહિત ૨૦ લોકોને કચડ્યા

જર્મની,૧૩

જર્મનીના મ્યુનિક શહેરમાં એક શખસે ૨૦થી વધુ લોકોને કાર નીચે કચડી નાખ્યા છે, જેમાં બાળકો પણ સામેલ હોવાના અહેવાલ છે.

યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી અને અમેરિકન ઉપ પ્રમુખ જે.ડી. વેન્સની બેઠક પહેલા બનેલી આ ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. આ ઘટના મ્યુનિક સિક્યોરિટી કોન્ફરન્સથી માંડ દોઢેક કિલોમીટર દૂર જ બની છે, જેના કારણે મ્યુનિકમાં અનેક ઉચ્ચ અધિકારીઓ અને આંતરરાષ્ટ્રીય પત્રકારો પહોંચી ચૂક્યા છે. પોલીસે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને કહ્યું છે કે, અમે કાર ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે, જેની પૂછપરછ ચાલી રહી છે. આ હુમલાનો આરોપી એક સાઉદી ડૉક્ટર છે.

**ઘટના બાદ સુરક્ષા દળોએ તુરંત વિસ્તારનો ઘેરાવ કર્યો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા છે**

જણાવી દઈએ કે, શુક્રવારે (૧૪ ફેબ્રુઆરી) મ્યુનિકમાં અમેરિકન ઉપરાષ્ટ્ર પ્રમુખ જેડી વેન્સ અને યુક્રેનના રાષ્ટ્ર પ્રમુખ ઝેલેન્સ્કી વચ્ચે એક બેઠક થવાની છે. આ પહેલાં ટ્રેડ યુનિયન તરફથી આયોજિત દેખાવ દરમિયાન મ્યુનિકસેન્ટ્રલ રેલવે સ્ટેશન પાસે દચાઉર સ્ટ્રાસે અને સીડલસ્ટ્રાસેના વિસ્તારમાં એક કારે ભીડને ટક્કર મારી દીધી, જેનાથી આ મોટો અકસ્માત થયો છે. અકસ્માત મુદ્દે યુનિયને કહ્યું કે, અમને આ ઘટના વિશે કોઈ જાણકારી નથી. ઘટના બાદ સુરક્ષા દળોએ તુરંત વિસ્તારનો ઘેરાવ કર્યો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા છે. હજુ સુધી સ્પષ્ટ નથી કે, આ હુમલો હતો કે દુર્ઘટના. જણાવવામાં આવી રહ્યું છે કે, ઈજાગ્રસ્ત લોકોમાંથી અનેકની સ્થિતિ ગંભીર છે. મ્યુનિક ફાયર ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ગેરહાર્ડ પેશ્કેના જણાવ્યા અનુસાર, આરોપી જ્યારે ભીડમાં લોકોને કચડી રહ્યો હતો ત્યારે અનેક લોકો જીવ બચાવવા માટે આસપાસની ઈમારતમાં જતા રહ્યા હતાં.

નોંધનીય છે કે, ગત વર્ષે ૨૦ ડિસેમ્બરે પણ જર્મનીના જ મેગડેબર્ગ શહેરના ક્રિસમસ માર્કેટમાં એક શખસે લોકો પર કાર ચઢાવી દીધી હતી.

આ ઘટનામાં ૫ લોકોની મોત નિપજ્યા હતાં અને ૨૦૦ થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. હુમલાનો આરોપી ૫૦ વર્ષનો એક સાઉદી અરબનો ડૉક્ટર હતો, જે ૨૦૦૬થી જર્મનીના પૂર્વી રાજ્ય સેક્સોની-અહાલ્ટમાં રહેતો હતો. જોકે, આરોપીની તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળેથી જ ધરપકડ કરી લેવાઈ હતી.

# ૬ રાષ્ટ્રીયકૃત બેંકોએ વ્યાજદર ઘટાડયા: લોનધારકોને રાહત

મુંબઈ તા.૧૩

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા વ્યાજદરમાં ઘટાડાયો કરાયા બાદ હવે બેંકોએ હોમલોન સહિતના વ્યાજદરમાં ઘટાડાનો પ્રારંભ કર્યો છે અને દેશની છ મોટી બેન્કોએ આરબીઆઈની મોનેટરી પોલીસી મુજબ ગ્રાહકો માટેના વ્યાજદર ઘટાડાયા છે જેમાં કેનેરા બેંક, પંજાબ નેશનલ બેંક, યુનીયન બેંક, બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઓફ બરોડાનો સમાવેશ થાય છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ અગાઉ જ તેના પ્રાઈમ લેન્ડીંગ રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો કર્યો છે. કેનેરા બેંક દ્વારા તેના મહતમ વ્યાજદર ૯.૨૫ ટકામાંથી ઘટાડી ૯ ટકા કરાયો છે જે તા.૧૨થી લાગુ થઈ ગયો છે અને બેંક ઓફ બરોડાએ પણ તેનો મહતમ લેન્ડીંગ રેટ ૮.૯૦ ટકા કર્યો છે. બેંક ઓફ ઈન્ડિયાએ ૯.૩૫માંથી ૯.૧૦ ટકા, યુનીયન બેંકે ૯.૨૫ થી ૯.૦૦ ટકા અને આઈઓબી દ્વારા ૯.૩૫માંથી ૯.૧૦ ટકાનો દર કરાયો છે.

## પીએફ પરનો વ્યાજદર ૮.૨૫ ટકા યથાવત રહે તેવા સંકેત

પ્રોવિડન્ટ ફંડ પરનું ૨૦૨૪-૨૫ના વર્ષનું વ્યાજ ૮.૨૫ ટકા જળવાઈ રહે તેવી શકયતા છે. તા.૨૮ ફેબ્રુઆરીના રોજ પીએફ ટ્રસ્ટી બોર્ડ તેના માર્ચ ૨૦૨૫ના પુરા થતા વર્ષ માટેના પ્રોવિડન્ટ ફંડ પરનો વ્યાજદર જાહેર કરશે અને જે રીતે અત્યાર સુધી ઉંચા વ્યાજદરનો માહોલ ચાલુ રહ્યો છે તેથી હાલનો ૮.૨૫ ટકાનો વ્યાજદર યથાવત રાખશે. પરંતુ આગામી વર્ષથી તે ઘટી શકે છે.

# શ્રીલંકાના ૧ બિલિયન ડોલરના વિંડ પાવર પ્રોજેકટમાંથી અદાણી ગ્રુપ ખસી ગયું

નવી દિલ્હી: દેશના ટોચના કોર્પોરેટ ગૃહ અદાણી ગ્રુપે શ્રીલંકામાં પ્રસ્તાવીત પાવર પ્રોજેકટમાંથી ભાગીદારી પાછી ખેંચી છે. અગાઉ શ્રીલંકા સરકારે અદાણી ગ્રુપ પર અમેરિકામાં બીઝનેસ લાંચ આપી હોવાનું જાહેર થયા બાદ આ પ્રોજેકટ સ્થગીત કર્યા હતો. ૧ બીલીયન ડોલરના આ પ્રોજેકટનું ભાવી અનિશ્ચિત બનતા અંતે અદાણી ગ્રુપે તે પડતો મુકયો હતો. શ્રીલંકા સરકાર આ પ્રોજેકટમાં નિર્ણય લઈ શકે તે માટે અદાણી ગ્રુપે આ નિર્ણય લીધો છે અને શ્રીલંકા સરકારને જાણ કરી છે. અદાણી ગ્રુપે તેના પર અમેરિકામાં લાંચના આરોપ ફગાવ્યા હતા. અદાણી ગ્રુપ શ્રીલંકામાં ૭૦૦ મિલીયન ડોલરના ટર્મીનલ પ્રોજેકટમાં પણ સંકળાયેલુ છે જે કોલંબોમાં આવેલા છે. શ્રીલંકામાં જબરી વિજ તંગી છે અને તે નિવારવા આ વિંડપાવર પ્રોજેકટ હાથ ધર્યો હતો. જેમાં અદાણી ગ્રુપે તેની ઓફર મુકી હતી.


## AXIS BANK LIMITED

**પ્લેજ અસ્ક્યામતો તરીકે સોનાના દાગીનાના લિલામ - માટે જાહેર નોટિસ**

દેણદારોને વિશેષ રૂપે અને જાહેર જનતાને આથી જણાવવામાં આવે છે કે નીચેના ખાતાઓમાં પ્લેજ કરેલ સોનાના દાગીનાઓનું જાહેર લિલામ એક્સિસ બેંક દ્વારા નીચે જણાવેલ શાખામાં કરવાનો પ્રસ્તાવ છે.

નીચે ઉલ્લેખ કરેલ દેણદારોએ બેંકની તરફેણમાં સિક્યોરિટી તરીકે સોનાના દાગીના પ્લેજ કરીને (ગિરો) (સુવર્ણ ધિરાણ સુવિધા) શાખ સવલત મેળવી છે. દેણદારો/જામીનદારોને ડિમાન્ડ નોટિસો મોકલવામાં આવી હતી જેમાં દેણદારો/જામીનદારોને તેમની સુવર્ણ ધિરાણ સુવિધા તરીકે મેળવેલ બાકી નીકળતી રકમ ચૂકવી જવા માટે જણાવેલ. દેણદારો/જામીનદારો ધિરાણની આ બાકી રકમની પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, આથી બેંક નાછૂટકે ગિરો રાખેલ ચીજો માટે વિનંતી કરવી પડેલ છે અને ગિરો રાખેલ સોનાના દાગીનાનું લિલામથી વેચાણ - ખાસ તો અહીં મિલકતની સૂચીમાં વર્ણન કરેલી- તા.૨૪-૦૨-૨૦૨૫ના રોજ બપોરે ૧૨.૩૦ થી બપોરે ૦૩.૩૦ દરમિયાન "જેમ છે, જ્યાં છે", "જે છે તે છે", "જે કાંઈ છે તે છે" અને "કોઈના આશ્રય વિના" કરવા માટે પ્રસ્તાવ મૂકેલ છે.

**દેણદારો અને બાકી રકમની વિગત :**

| ગ્રાહકનું નામ | ધિરાણ ખાતા નંબર | બાકી રકમ(+) | રિકોલ નોટિસની તારીખ | ગ્રોસ વજન | નેટ વજન |
|---|---|---|---|---|---|
| શાખાનું નામઃ અમદાવાદ (ગુજ) | | | | | |
| સલ્લા અમી ધર્મેશ | XXXXXXXXXXX4081 | 651453 | 04-11-2024 | 161.300 | 160.700 |
| શાખાનું નામઃ એકે રોડ (ગુજ) | | | | | |
| ચૌરસિયા આર પૂનમ | XXXXXXXXXXX8245 | 149927 | 02-04-2024 | 37.800 | 37.600 |
| શાખાનું નામઃ બાલાસિનોર મહી (ગુજ) | | | | | |
| ચાવડા સંજયકુમાર | XXXXXXXXXXX9173 | 71694 | 27-09-2024 | 15.220 | 15.100 |
| શાખાનું નામઃ બોપલ ચાર રસ્તા અમદાવાદ(ગુજ) | | | | | |
| રિચી ભાટિયા | XXXXXXXXXXX6550 | 904806 | 04-11-2024 | 374.800 | 314.800 |
| શાખાનું નામઃ દહેગામ, ગુજરાત ડીજીએ (ગુજ) | | | | | |
| ચૌહાણ કિશોરસિંહ | XXXXXXXXXXX6224 | 45858 | 04-08-2024 | 10.000 | 10.000 |
| શાખાનું નામઃ ડીસા (ગુજ) | | | | | |
| પ્રધાનસિંહ બળવંતસિંહ જાદવ | XXXXXXXXXXX5524 | 560329 | 06-01-2025 | 127.200 | 127.000 |
| શાખાનું નામઃ ધાનેરા (ગુજ) | | | | | |
| વાઘેલા જબરસિંગ મફતસિંગ | XXXXXXXXXXX5176 | 499648 | 07-01-2025 | 103.690 | 102.700 |
| શાખાનું નામઃ ધારી (ગુજ) | | | | | |
| મકવાણા મહેશભાઈ જિમાભાઈ | XXXXXXXXXXX9326 | 62945 | 04-11-2024 | 17.900 | 13.900 |
| સરધારા ચંદ્રેશ રાઘવભાઈ | XXXXXXXXXXX9791 | 44665 | 20-07-2024 | 12.200 | 10.400 |
| શાખાનું નામઃ ગાંધીનગર (ગુજ) | | | | | |
| અશોકકુમાર બાલુભાઈ સોલંકી | XXXXXXXXXXX4989 | 181060 | 04-11-2024 | 49.400 | 46.600 |
| નિશીત વિઠલાણી | XXXXXXXXXXX6022 | 121810 | 07-01-2025 | 28.000 | 25.600 |
| શાખાનું નામઃ હિંમતનગર (ગુજ) | | | | | |
| મીનાબેન કપિલસિંહ પરમાર | XXXXXXXXXXX9077 | 55990 | 06-01-2025 | 11.980 | 11.550 |
| શાખાનું નામઃ ઈડર(ગુજ) | | | | | |
| ભરતકુમાર નાનજીભાઈ પરમાર | XXXXXXXXXXX6273 | 46849 | 20-07-2024 | 12.400 | 12.250 |
| દીપલબેન રામાભાઈ વણકર | XXXXXXXXXXX5446 | 43723 | 28-08-2024 | 11.300 | 11.100 |
| દીપલબેન રામાભાઈ વણકર | XXXXXXXXXXX5654 | 41461 | 02-04-2024 | 10.000 | 9.900 |
| જશીબેન ઉદાજી ઠાકરડા | XXXXXXXXXXX6687 | 35740 | 06-09-2024 | 10.000 | 9.900 |
| સુતરિયા અમૃતભાઈ મૂળચંદભાઈ | XXXXXXXXXXX8311 | 39436 | 28-08-2024 | 10.100 | 10.000 |
| ઠાકરડા ગાયત્રીબેન જિગરભાઈ | XXXXXXXXXXX7314 | 37353 | 20-11-2024 | 10.100 | 10.000 |
| વખતસિંહ ફુલસિંહ ચૌહાણ | XXXXXXXXXXX6412 | 37000 | 26-07-2024 | 10.000 | 9.900 |
| શાખાનું નામઃ કુબેરનગર અમ (ગુજ) | | | | | |
| જાદવ કૈલાસબેન | XXXXXXXXXXX3434 | 113721 | 07-09-2024 | 26.700 | 25.600 |
| શાખાનું નામઃ મણિનગર અમદાવાદ(ગુજ) | | | | | |
| મંજુ | XXXXXXXXXXX5741 | 73396 | 07-10-2024 | 20.000 | 17.400 |
| શાખાનું નામઃ મોડાસા (ગુજ) | | | | | |
| જમાદાર રુખસારબાનુ તાહિરહુસેન | XXXXXXXXXXX3002 | 158526 | 02-04-2024 | 40.870 | 39.800 |
| મકવાણા રાજેન્દ્રસિંહ ભૂરસિંહ | XXXXXXXXXXX8661 | 61490 | 27-09-2024 | 15.900 | 15.800 |
| શાખાનું નામઃ નારણપર (ગુજ) | | | | | |
| મહાવીરસિંહ દીપસંગજી જાડેજા | XXXXXXXXXXX0858 | 81965 | 03-12-2024 | 22.900 | 22.500 |
| શાખાનું નામઃ પાલનપુર (ગુજ) | | | | | |
| પ્રજાપતિ ભાવેશકુમાર કાંતિલાલ | XXXXXXXXXXX8165 | 44250 | 04-11-2024 | 10.400 | 10.200 |
| શાખાનું નામઃ રાધનપુર (ગુજ) | | | | | |
| ગઢવી સમરથદાન | XXXXXXXXXXX8137 | 133527 | 06-01-2025 | 43.100 | 42.500 |
| રાવલ તલશીબેન મેઘરાજભાઈ | XXXXXXXXXXX0245 | 75439 | 07-06-2024 | 25.300 | 24.800 |
| શાખાનું નામઃ શિવરંજની ક્રો અમ ગુજ | | | | | |
| તેજારામ વિરાજી રાજપુરોહિત | XXXXXXXXXXX0337 | 126578 | 07-09-2024 | 33.800 | 31.300 |
| શાખાનું નામઃ તલોદ (ગુજ) | | | | | |
| દિનેશભાઈ કરમીજી મારવાડી | XXXXXXXXXXX8641 | 80437 | 02-04-2024 | 18.510 | 18.300 |
| સુનિલકુમાર રમેશભાઈ સાગર | XXXXXXXXXXX7213 | 49964 | 07-06-2024 | 19.680 | 12.680 |
| શાખાનું નામઃ વેજલપુર, અમદાવાદ (ગુજ) | | | | | |
| કોઠારિયા જાવેદ યુસુફભાઈ | XXXXXXXXXXX6361 | 350773 | 28-08-2024 | 82.300 | 78.800 |
| શાખાનું નામઃ વિસનગર (ગુજ) | | | | | |
| પટેલ કમલેશકુમાર | XXXXXXXXXXX1785 | 316326 | 06-01-2025 | 79.600 | 78.300 |

એક્સિસ બેંક લિ.ને કોઈ આગળ નોટિસ આપ્યા વગર ખાતું દૂર કરવાની/ હરાજીની તારીખમાં ફેરફાર કરવાની સત્તા છે.હરાજી ઓનલાઈન https://gold.samil.in પરથી બપોરે ૧૨.૩૦ થી બપોરે ૦૩.૩૦ વચ્ચે યોજાશે.

વિગતવાર નિયમો અને શરતો માટે, મહેરબાની કરીને આપેલ વેબસાઈટ https://gold.samil.in પર જોવું.

**સ્થળ: ગુજરાત** **અધિકૃત અધિકારી-એક્સિસ બેંક લિ.**



## Kiri Industries Limited

*Future Full of Colours.....*

CIN-L24231GJ1998PLC034094

Reg.Off: 7th Floor, Hasubhai Chambers, Opp. Town Hall, Ellisbrdige, Ahmedabad - 380 006

Phone No. (O) 079-26574371/72/73, (F) 079-26574374, Email: info@kiriindustries.com

website: www.kiriindustries.com

**Extract of Statement of Consolidated Financial Results for the Quarter and Nine Months ended December 31, 2024**

(Rs. in Lakhs except per share data)

| PARTICULARS | QUARTER ENDED | | NINE MONTH ENDED |
|---|---|---|---|
| | (31/12/2024) | (31/12/2023) | (31/12/2024) |
| | (UNAUDITED) | (UNAUDITED) | (UNAUDITED) |
| Total income from operations | 27,055.76 | 16,786.03 | 64,370.60 |
| Net Profit/ (Loss) for the period (before tax, exceptional and/or extraordinary items) | (1,362.74) | (2,970.71) | (4,661.31) |
| Net Profit/ (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (1,362.74) | (2,970.71) | (4,661.31) |
| Net Profit/ (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (1,371.92) | (2,884.73) | (4,462.81) |
| Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 15,334.74 | 13,457.06 | 32,317.88 |
| Paid up Equity Share Capital | 5,562.90 | 5,183.42 | 5,562.90 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year. | - | - | - |
| Earnings Per Share (Face value of Rs. 10/- each) | | | |
| Basic: | 28.47 | 25.96 | 61.55 |
| Diluted: | 26.45 | 25.96 | 59.97 |

**Extract of Statement of Standalone Financial Results for the Quarter and Nine Months ended December 31, 2024**

(Rs. in Lakhs)

| PARTICULARS | QUARTER ENDED | | NINE MONTH ENDED |
|---|---|---|---|
| | (31/12/2024) | (31/12/2023) | (31/12/2024) |
| | (UNAUDITED) | (UNAUDITED) | (UNAUDITED) |
| Total income from operations | 23,971.51 | 14,934.21 | 56,937.47 |
| Net Profit/ (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 2,412.77 | (2,986.85) | (75.25) |
| Net Profit/ (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 2,543.65 | (2,900.87) | 263.31 |

Note:

1. The above is an extract of the detailed Unaudited Quarterly Financial Results ("Results") filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full Financial Results are available on the website of Stock Exchanges (www.bseindia.com & www.nseindia.com) as well as on the Company's website (https://kiriindustries.com/wp-content/uploads/2024/08/FR_Q3FY25.pdf) and can also be accessed by scanning the QR code provided below.
2. The Statutory Auditors of the company have carried out a "Limited Review" of the above results as per Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
3. The above Results were reviewed by the Audit Committee and thereafter approved by the Board of Directors at their meeting held on February 13, 2025.

Date: February 13, 2025
Place: Ahmedabad

By order of the Board of Directors
For Kiri Industries Limited
Manish Kiri
Chairman & Managing Director



## ARDI INVESTMENT AND TRADING CO. LIMITED

CIN: L65923GJ1981PLC155107

**Registered office:** 203, Abhishek Complex, Behind Navgujarat College, Income Tax, Ahmedabad, Gujarat, India - 380014 • **Website: www.ardi.co.in** • **Phone: 079-28764128** • **Email id: compliancingardi@gmail.com**

**STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31ST DECEMBER, 2024**

Based on the recommendations of the Audit Committee the Board of Directors at their respective Meetings held on 13st February, 2025. has approved the standalone unaudited financial results for the quarter ended 31st December, 2024 along with Limited Review Report as required under Regulation 33 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. The result is also available on the websites of the Stock Exchange(s) and the listed entity at https://www.ardi.co.in/Financial-Results.php

Scan the QR code to view the financial results on the website of the company.

Place : Ahmedabad
Date : 13/02/2025

For and on behalf of
**ARDI INVESTMENT AND TRADING CO. LIMITED**
Sd/- Gautam P. Sheth
**Managing Director (DIN : 06748854)**